



## ૩. જોડકાં જોડો.





૪. રંગ પૂરો.














૫. આંગળી ફેરવો :

# ક બ અ છ

૬. ટપકાં જોડો.

| | | | | |
|---|---|---|---|---|
| ક | ક | ક | ક | ક |
| બ | બ | બ | બ | બ |
| અ | અ | અ | અ | અ |
| છ | છ | છ | છ | છ |
| આ | આ | આ | આ | આ |
| એ | એ | એ | એ | એ |

૭. જોઈને લખો.


| | | | | |
|---|---|---|---|---|
| ક | | | | |
| બ | | | | |
| અ | | | | |
| છ | | | | |
| આ | | | | |
| એ | | | | |

૮. ઉદાહરણ મુજબ લખો.

| | | |
|---|---|---|
| અ | આ | એ |
| ક | કા | કે |
| બ | | |
| છ | | |
| ન | | |
| વ | | |
| મ | | |
| ર | | |
| ગ | | |
| સ | | |

૯. શબ્દ બનાવો.

(૧)





૧. આજ

૨.

૩.

૪.

(૨)




૧. નાગ

૨.

૩.

૪.

૫.

૧૦. વાંચો અને લખો.

| | |
|---|---|
| રાજા | સેર |
| છાબ | દેર |
| છાજ | કાનન |
| આગ | બાવન |
| રેસ | બાકસ |
| એક | નાનક |

આજે રજા છે.

ગાજર ગમે છે.

વરસાદ આવે છે.

## ૧૧. ખૂટતો મૂળાક્ષર લખો.



| | | |
|---|---|---|
| ગા | જ | |



| | | |
|---|---|---|
| | દા | મ |



| | | |
|---|---|---|
| બા | | સ |



| | | |
|---|---|---|
| સા | | જ |



| | | |
|---|---|---|
| કે | ર | |



| | | | |
|---|---|---|---|
| | જ | ગ | |



| | | | |
|---|---|---|---|
| વ | | સા | |

# શિક્ષકો માટે

(૧) આપેલા બધા શબ્દો શિક્ષકે ક્રમશઃ બોલાવવા, પ્રથમ પોતે મોટા ઉચ્ચાર સાથે શબ્દ બોલવો પછી બધાં બાળકો એકસાથે એ શબ્દ બોલે. ઉદાહરણ : 'કાન'. શિક્ષક બોલશે પાછળ બધાં બાળકો એકસાથે બોલશે 'કાન'. અહીં નવા-જૂના મૂળાક્ષરોના શ્રવણ-અનુભવો પૂરા પાડવાનો હેતુ છે.

(૨) પ્રથમ હરોળમાં 'ક' ઓળખી ચિત્ર નીચેના શબ્દમાં જ્યાં 'ક' આવતો હોય તેના ઉપર ◯ કરાવવું. આવું 'બ', 'અ' અને 'છ'માં પણ કરાવવું.

(૩) શાકભાજી, ફળ, ફૂલનાં ચિત્રોને પરસ્પર જોડાવવા.

(૪) ચિત્રમાં રંગ પુરાવો. બાળક ફળ, શાકભાજી કે ફૂલમાં કેવો રંગ પૂરવો તે જાણતો ન હોય, તો કહેવું અને લીટી (રેખા)ની બહાર રંગ ના જાય તેની તકેદારી રખાવવી.

(૫) મૂળાક્ષર ઉપર તીરની દિશામાં આંગળી ફેરવાવો.

(૬) આ પ્રવૃત્તિ બાળકને લેખન સાથે મૂળાક્ષરોનું દૃઢીકરણ અને મહાવરો મળી રહે તે હેતુ સાથે મૂકેલ છે, જેટલાં ટપકાંવાળા મૂળાક્ષરો છે તે બધાને લખાવવા.

(૭) મૂળાક્ષરની સામેની લીટીમાં મૂળાક્ષર લખાવો. આમ દરેક મૂળાક્ષરમાં કરવું.

(૮) અહીં બાળકને નવી માત્રાનો પરિચય થાય. સાથોસાથ મહાવરો પણ થાય એ હેતુ છે. ઉદાહરણમાં જેમ 'અ', 'આ', 'એ' અને 'ક', 'કા', 'કે' આપેલ છે તેમ બાકીના તમામ મૂળાક્ષરમાં કાનો અને માત્રા મૂકાવી મૂળાક્ષર લખાવો.

(૯) ઉદાહરણ મુજબ શબ્દો બનાવવા અને બાજુમાં આપેલ જગ્યામાં લખાવો. આવાં અન્ય ઉદાહરણો દૃઢીકરણ અને મહાવરા માટે આપો.

(૧૦) અહીં અનુલેખનના હેતુસર આ પ્રવૃત્તિ છે. શબ્દો અને વાક્યોને જોઈને નીચેની લીટીમાં લખાવવા. મૂળાક્ષર કે માત્રાના વળાંક સંદર્ભે જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપો.

(૧૧) ડાબી તરફના ચિત્રની સામે જે ખાનાં આપ્યાં છે તેમાં ચિત્રનું નામ લખવાનું છે. કેટલાક મૂળાક્ષર કે માત્રાવાળા મૂળાક્ષર છાપીને જ આપેલા છે. ખૂટતા મૂળાક્ષર લખાવવા અને લખાઈ ગયા પછી એ શબ્દો વંચાવો.

(૧૨) 'ફલમ્ ફૂલમ્ સબ્જીયમ્' આ રમત રમાડો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| ક, બ, અ, છ | એ, આ | • શાકભાજી, ફળ, ફૂલ અને તેની ઉપયોગિતા |

◆

# ૬ : મજા પડે, મજા પડે



એક વરસની ત્રણ ઋતુઓ, ઋતુઓ
શિયાળો, ઉનાળો અને ચોમાસું.
શિયાળામાં ઠંડી બહુ પડે બહુ પડે
તાપણે તાપવાની મજા પડે મજા પડે
સ્વેટર પહેરવાની મજા પડે મજા પડે
ટોપી પહેરવાની મજા પડે મજા પડે
વસાણાં ખાવાની મજા પડે મજા પડે
એક વરસની...





ઉનાળામાં ગરમી બહુ પડે બહુ પડે
ઠંડા પાણીમાં નાહવાની મજા પડે મજા પડે
આઈસ્ક્રીમ ખાવાની મજા પડે મજા પડે
ફરવા જવાની મજા પડે મજા પડે
એક વરસની...

ચોમાસામાં વરસાદ બહુ પડે બહુ પડે
છત્રી ઓઢવાની મજા પડે મજા પડે
રેઈનકોટ પહેરવાની મજા પડે મજા પડે
પલળવાની મજા પડે મજા પડે
એક વરસની...



**નવા શબ્દો**

વસાણાં ◆ તાપણું

## ૧. સાંભળો અને બોલો.

| | | |
|---|---|---|
| પડ | ડિલ | પાણી |
| વડ | કિનાર | વાણી |
| પગ | મિનાર | રાણી |
| ડગ | પિતાજી | જાણી |
| રણ | માતાજી | બરણી |
| કણ | સરિતા | ચારણી |
| રાણા | કવિતા | નિસરણી |
| ડામ | વનિતા | આકારણી |
| ડાક | પરિતા | કરવતી |
| પેન | ઈસ | દાતરડી |
| દેન | તિરાડ | સાવરણી |
| વેર | ગિરનાર | સરવાણી |
| તેર | પરિવાર | ઉગમણી |
| છેદ | દીપક | આસમાની |
| વેદ | રવિવાર | જાળવણી |

## ૨. ચિત્ર જુઓ અને જવાબ આપો.







(૧) ઠંડી પડે ત્યારે કેવાં કપડાં પહેરવાં જોઈએ ?

(૨) ઉનાળામાં આપણે કેવાં કપડાં પહેરીએ છીએ ?

(૩) ચોમાસામાં વરસાદથી બચવા શું કરીએ છીએ ?

(૪) ઠંડીથી બચવા આપણે શું કરીએ છીએ ?

(૫) કપડાં સ્વચ્છ રાખવા શી જાળવણી કરીએ છીએ ?